પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૭૧ | ૨ સપ્ટેમ્બર, ૨૦૨૨, શુક્રવાર; ભાદરવા સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં ૯૧.૫ રૂપિયાનો ઘટાડો

### વિમા પોલીસીનું પ્રિમિયમ એક સપ્ટેમ્બરથી ઘટશે : પંજાબ નેશનલ બેંકના ગ્રાહકો માટે કેવાયસી અપડેટ કરવાની તારીખ ૩૧ ઓગસ્ટ હતી, જો તમે હજુ સુધી તમારું કેવાયસી અપડેટ ન કરાવ્યું હોય તો તમારું ખાતું બ્લોક થઈ શકે છે



નવી દિલ્હી,તા.૧

ઓગસ્ટ મહિનો તો ગયો. આજથી નવો સપ્ટેમ્બર મહિનો શરૂ થયો. આ મહિનો અનેક નવા ફેરફાર લઈને આવ્યો છે. એક સપ્ટેમ્બરથી થયેલા ફેરફાર સીધા તમારા ખિસ્સા પર અસર કરશે જે તમારે જાણવા ખાસ જરૂરી છે. કોઈ ફેરફારથી તમને ફાયદો થશે તો કોઈ ફેરફારથી તમારે હવે પહેલા કરતા વધુ પૈસા ખર્ચવા પડશે. કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવ આજથી ૯૧.૫ રૂપિયા ઘટ્યા છે. દિલ્હીમાં તેના ભાવ ઘટીને ૧૮૮૫ રૂપિયા થયા છે જ્યારે પહેલા આ સિલિન્ડર ૧૯૭૬.૫૦ રૂપિયાનો હતો. આ સતત પાંચમીવાર એવું બન્યું છે કે કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ઘટાડો થયો છે. મે મહિનામાં સિલિન્ડર ૨૩૫૪ રૂપિયાની રેકોર્ડ કિંમત પર પહોંચી ગયો હતો. તમારી વિમા પોલીસીનું પ્રિમિયમ એક સપ્ટેમ્બરથી ઘટશે. ઈરડા તરફથી જનરલ ઈન્શ્યુરન્સના નિયમોમાં કરાયેલા ફેરફાર બાદ ગ્રાહકોને ૩૦થી ૩૫ ટકાની જગ્યાએ હવે ફક્ત ૨૦ ટકા કમિશન એજન્ટને આપવાનું રહેશે. જેની સીધી અસર પ્રીમિયમ પર પડશે.

● અનુસંધાન પાન-૭ પર

## જીએસટીનું ઓગસ્ટનું કલેક્શન ૧.૪૩ લાખ કરોડ

### સેન્ટ્રલ જીએસટી પેટે રૂ. ૨૪,૭૧૦ કરોડ, સ્ટેટ જીએસટી પેટે રૂ. ૩૦,૯૫૧ કરોડની વસૂલાત : છઠ્ઠા મહિને કલેક્શન ૧.૪૦ લાખ કરોડની ઉપર રહ્યા

નવી દિલ્હી,તા.૧

આર્થિક પ્રવૃત્તિઓ વધવાની સાથે સાથે ગુડ્સ અને સર્વિસ ટેક્સ હેઠળ સરકારની કમાણી વધી રહી છે. ઓગસ્ટ મહિનામાં જીએસટી ક્લેક્શન રૂ. ૧,૪૩,૬૧૨કરોડ નોંધાયુ છે જે વાર્ષિક તુલનાએ ૨૮ ટકા વધારે વસૂલાત છે. આ સાથે જ સતત છઠ્ઠા મહિને માસિક જીએસટી ક્લેક્શન રૂ. ૧.૪૦ લાખ કરોડની ઉપર રહ્યુ છે. નાણાં મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડાઓ અનુસાર ઓગસ્ટ ૨૦૨૧માં સરકારને જીએસટી હેઠળ રૂ. ૧,૧૨,૦૨૦કરોડની કમાણી થઈ હતી. ઓગસ્ટમાં જીએસટી પેટે સરકારને કુલ રૂ. ૧,૪૩,૬૧૨કરોડની આવક થઈ છે, જેમાં સેન્ટ્રલ જીએસટી (સીજીએસટી) પેટે રૂ. ૨૪,૭૧૦ કરોડ, સ્ટેટ જીએસટી (એસજીએસટી) પેટે રૂ. ૩૦,૯૫૧ કરોડની વસૂલાત થઈ છે. તો ઈન્ટિગ્રેટેડ જીએસટી (આઈજીએસટી) પેટે રૂ. ૭૭,૭૮૨ કરોડની વસૂલાત થઈ છે, જેમાં માલસામાનની આયાત પરના ટેક્સ પેટે રૂ. ૪૨,૦૬૭ કરોડ અને સેસ હેઠળ રૂ. ૧૦,૧૬કરોડ અને માલની આયાત પર વસૂલાયેલો રૂ. ૧,૦૧૮ કરોડનો ટેક્સ સામેલ છે.




નાણાં મંત્રાલયે જણાવ્યું હતું કે તેણે આઈજીએસટીમાંથી રૂ. ૨૯,૫૨૪ કરોડનું સીજીએસટીઅને રૂ. ૨૫,૧૧૯ કરોડનું એસજીએસટીહેઠળ સેટલમેન્ટ કર્યુ છે. નિયમિત સેટલમેન્ટ બાદ કેન્દ્રની કુલ આવક રૂ. ૫૪,૨૩૪ કરોડ અને રાજ્યોની રૂ. ૫૬,૦૭૦ કરોડ રહી છે. ઓગસ્ટ મહિના દરમિયાન માલસામાનની આયાત પરના કરવેરા પેટે આવકમાં ૫૭ ટકાનો વધારો થયો છે ઉપરાંત સ્થાનિક નાણાંકીય વ્યવહારો (સર્વિસની આયાત સહિત)માંથી થતી આવક ગત વર્ષના સમાન મહિનાની તુલનાએ ૧૯ ટકા વધુ છે.

## ભારતની મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિઓમાં સુધારો

### દેશમાં ઉત્પાદન પ્રવૃત્તીઓનો પીએમઆઈ ઘટીને ૫૬ : ભારતના ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃતિઓમાં ૫૦થી ઉપર પીએમઆઈ ઈન્ડેક્સ રહ્યો હોય તેવો આ ૧૪મો મહિનો

નવી દિલ્હી, તા.૧

ઓગસ્ટ મહિનામાં ભારતની મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિઓમાં સુધારો જોવા મળ્યો છે. જોકે એસએન્ડપીગ્લોબલ પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (પીએમઆઈ) જુલાઈમાં ૫૬.૪ની ૮ મહિનાની ટોચેથી સામાન્ય ઘટીને ૫૬.૨ થયો છે. પીએમઆઈઈન્ડેકસ અનુસાર ૫૦થી રીડિંગ જે-તે સેક્ટરનિ પ્રવૃત્તિઓમાં વૃદ્ધિ સૂચવે છે, જ્યારે ૫૦થી નીચેનું પીએમઆઈવાંચન સંકોચન દર્શાવે છે. ભારતના ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃતિઓમાં ૫૦થી ઉપર પીએમઆઈઈન્ડેકસ રહ્યો હોય તેવો આ ૧૪મો મહિનો છે.

એસએન્ડપીગ્લોબલે માસિક રિપોર્ટમાં જણાવ્યું કે દેશમાં માંગની સ્થિતિમાં સતત સુધારાને કારણે ઓગસ્ટ મહિનામાં ભારતના ઉત્પાદન ક્ષેત્રને નવા ઓર્ડરની સંખ્યામાં વધારો થયો છે, જેના કારણે આઉટપુટ ગ્રોથ ૯ મહિનાના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયો છે. આ સમયગાળા દરમિયાન ઉત્પાદન પ્રવૃતિઓને નિકાસમાં તેજી અને મજબૂત આઉટલુકને પગલે ટેકો મળ્યો છે.

એસએન્ડપીગ્લોબલના અહેવાલ અનુસાર સર્વેમાં સામેલ કંપનીઓએ તેમના ઉત્પાદનોના

● અનુસંધાન પાન-૭ પર

## ખાનગી શાળાના શિક્ષકો ગ્રેચ્યુટીના હકદાર : સુપ્રીમ

### ખાનગી સ્કૂલોમાં કામ કરતા શિક્ષકો કર્મચારી છે અને તેઓ પેમેન્ટ ગ્રેચ્યુટી અધિનિયમ હેઠળ ગ્રેચ્યુટીના હકદાર

નવી દિલ્હી, તા.૧

સુપ્રીમ કોર્ટે પ્રાઈવેટ સ્કૂલના શિક્ષકોને મોટી રાહત આપી છે. સુપ્રીમ કોર્ટે માન્યું કે, ખાનગી સ્કૂલોમાં કામ કરતા શિક્ષકો કર્મચારી છે અને તેઓ કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૦૯માં સુધારા પેમેન્ટ ગ્રેચ્યુટી અધિનિયમ હેઠળ ગ્રેચ્યુટીના હકદાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પીએજીએક્ટ ૧૬ સપ્ટેમ્બર ૧૯૭૨થી અમલમાં છે. આ હેઠળ નિવૃત્તિ, રાજીનામું અથવા કોઈપણ કારણોસર સંસ્થા છોડતા પહેલા ઓછામાં ઓછા ૫ વર્ષ સુધી સતત કામ કરનાર કર્મચારીને ગ્રેચ્યુટીનો લાભ આપવાની જોગવાઈ છે. શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા ૩ એપ્રિલ ૧૯૯૭ના રોજ જાહેર કરવામાં આવેલી એક નોટિફિકેશનના માધ્યમથી આ અધિનિયમને ૧૦ અથવા વધુ કર્મચારીઓ વાળી શૈક્ષણિક સંસ્થાનો પર લાગુ કરવામાં આવશે. આવી સ્થિતિમાં આ અધિનિયમ ખાનગી સ્કૂલો પર પણ લાગુ થાય છે.

અનેક હાઈકોર્ટમાં કેસ હાર્યા બાદ ખાનગી સ્કૂલોએ ૨૦૦૯ના સંશોધનને દેશની સર્વોચ્ચ અદાલતમાં પડકાર્યો હતો. તેમના પ્રમાણે વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રદાન કરનારા શિક્ષકોને ગ્રેચ્યુટી વળતર અધિનિયમ ૨૦૦૯ની ધારા ૨(ઈ) હેઠળ કર્મચારી ન માનવા જોઈએ. તેઓ અમદાવાદ પ્રાઈવેટ પ્રાઈમરી ટીચર્સ એસોસિએશન મામલે સર્વોચ્ચ અદાલતના જાન્યુઆરી ૨૦૦૪ના નિર્ણય પર વિશ્વાસ કરતા હતા જેમાં આ સિદ્ધાંતને નિર્ધારિત કરવામાં આવ્યો હતો.

જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ બેલા એમ. ત્રિવેદીની પીઠે ૨૯ ઓગષ્ટના રોજ આ મહત્વપૂર્ણ નિર્ણય આપ્યો હતો. બેન્ચે ખાનગી સ્કૂલોના સંઘ અને સ્કૂલોની અલગથી પણ દાખલ અરજીઓને ફગાવી દીધી હતી.

## દિલ્હીથી નાસિક જતી ફ્લાઈટ અધવચ્ચેથી પરત

### આકાશમાં ઓટો પાયલોટ સિસ્ટમમાં ખામી સર્જાઈ : ફ્લાઈટમાં સવાર બધા મુસાફરોના જીવ અદ્ધર થઈ ગયા




નવી દિલ્હી, તા.૧

સ્પાઈસ જેટની ફ્લાઈટ દિલ્હીથી ઉડાન ભરીને મહારાષ્ટ્રના નાસિક જઈ રહી હતી પરંતુ કેટલીક ખામીના કારણે આ ફ્લાઈટ અધવચ્ચે જ પાછી ફરી હતી. ડીજીસીએના એક અધિકારીએ જણાવ્યું હતું કે, મધ્ય એરમાં ઓટો પાયલોટ સિસ્ટમમાં ખામી સર્જાતા ફ્લાઈટને દિલ્હી પરત ફરવું પડ્યું હતું. સાથે જ ફ્લાઈટમાં સવાર મુસાફરોના જીવ અધ્ધર થઈ ગયા હતા.

અધિકારીએ જણાવ્યું હતું કે, સ્પાઈસજેટ બી૭૩૭ એરક્રાફ્ટ વીટી-એલએલપીદિલ્હીથી નાસિક (ફ્લાઈટ એસજી-૮૩૬૩) ગુરૂવારે ઓટો પાયલોટની સમસ્યાને કારણે અધવચ્ચે પરત ફર્યુ હતું. તેને દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી.

## દિલ્હી વિધાનસભામાં કેજરીવાલ સરકારે વિશ્વાસનો મત જીત્યો

નવી દિલ્હી, તા.૧

દિલ્હી વિધાનસભામાં કેજરીવાલ સરકારનો વિશ્વાસ મત પ્રસ્તાવ પાસ થઈ ગયો છે. અરવિંદ કેજરીવાલના વિશ્વાસ મતની તરફેણમાં ૫૮ વોટ હતા (ડેપ્યુટી સ્પીકર માટે ૧ વોટ અલગ છે એટલે કે કુલ ૫૯ થયા) વિપક્ષમાં શૂન્ય મત પડ્યા હતા. આમ દિલ્હી વિધાનસભામાં રજૂ કરવામાં આવેલ વિશ્વાસ મત પ્રસ્તાવ પાસ થયો છે.

વિશ્વાસ મત પર પ્રસ્તાવ દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે, મનીષ સિસોદિયાએ દારૂ કૌભાંડમાં પૈસા ખાધા એવો આરોપ ભાજપ દ્વારા લગાવવામાં આવ્યો, સીબીઆઈએ તપાસ કરી, કલાકો સુધી પૂછપરછ કરી, ઘર, બેંક લોકરની તપાસ કરી પણ કંઇ મળ્યુ નહી. સીબીઆઈવાળા સંતુષ્ટ થઈને સિસોદિયાના ઘરેથી નીકળી ગયા. સિસોદિયા પર મનઘડત આરોપો લગાવવામાં આવ્યા હતા. સાચા ખોટા કેસ કરીને આ લોકોને મળે છે શું? બીજેપીનું ઓપરેશન લોટસ ફેલ થઈ ગયુ, તે અમારા ધારાસભ્યોને ખરીદી ના શકે.



કેજરીવાલે આગળ કહ્યું કે, સીબીઆઈ મનીષ સિસોદિયાના ઘરે ગઈ અને ૧૪ કલાક સુધી શોધખોળ કરી પરંતુ કંઈ મળ્યું નહીં. કેટલાક લોકો કહેતા હતા કે, તેઓએ પ્રશ્નોના જવાબ આપ્યા નથી, પરંતૂ તેમને બધા જ સવાલોના જવાબો આપ્યા છે. સીબીઆઈ સંતુષ્ટ થઈ ગઈ. ત્યારપછી સીબીઆઈવાળા મનીષ સિસોદિયાના ગામમાં ગયા અને ત્યાં પૂછ્યું કે શું મનીષ સિસોદિયાએ કોઈ પ્રોપર્ટી ખરીદી છે, પરંતુ કંઈ મળ્યું નથી.

## સોપોરમાં અથડામણમાં જૈશના બે આતંકવાદી ઠાર

### આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા બંને આતંકી હુમલાની યોજના બનાવી રહ્યા હતા



શ્રીનગર, તા.૧

જમ્મુ અને કાશ્મીરના બારામુલા જિલ્લાના સોપોર વિસ્તારમાં સુરક્ષા દળો સાથે રાત્રિ દરમિયાન થયેલી અથડામણમાં જૈશ-એ-મોહમ્મદ (જેઈએમ)ના બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. પોલીસે ગુરુવારે આ માહિતી આપી હતી. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, સુરક્ષા દળોએ ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન શરૂ કર્યા બાદ બુધવારે રાત્રે સોપોર શહેરના બોમાઈ વિસ્તારમાં એકાઉન્ટર શરૂ થઈ ગયું હતું. તેમણે કહ્યું કે, સુરક્ષાકર્મીઓએ આ અભિયાનમાં બે આતંકવાદીઓને ઠાર કર્યા છે. ગોળીબારમાં એક નાગરિક પણ ઘાયલ થયો છે. તેમને શ્રીનગરની હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો છે ત્યાં તેમની હાલત સ્થિર બતાવવામાં આવી રહી છે.

## વિપક્ષો ભ્રષ્ટાચારીઓને બચાવવા સંગઠિત થઈ રહ્યા છે : વડાપ્રધાન

### ઝડપી વિકાસ અને યુવાઓની આકાંક્ષાઓના માર્ગમાં સૌથી મોટું વિઘ્ન ભ્રષ્ટાચારનું છે : મોદી

કોચ્ચિ, તા.૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બે દિવસની કેરલ યાત્રા પર છે. કોચ્ચિમાં ભાજપના કાર્યકર્તાઓએ પ્રધાનમંત્રીનું જોરદાર સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ પીએમ મોદીએ કોચ્ચિની જનતાને સંબોધિત કરતા વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે વિપક્ષ દળો પર ભ્રષ્ટાચારીઓને બચાવવા માટે એક થવાનો આરોપ લગાવ્યો છે.

પીએમ મોદીએ કહ્યુ, 'ઝડપી વિકાસ અને યુવાઓની આકાંક્ષાઓના માર્ગમાં સૌથી મોટું વિઘ્ન ભ્રષ્ટાચારનું છે. મેં ૧૫ ઓગસ્ટે કહ્યું હતું કે ભ્રષ્ટાચાર વિરુદ્ધ નિર્ણાયક લડાઈનો સમય આવી ગયો છે, પરંતુ આપણે જોઈ રહ્યાં છીએ કે જેમ-જેમ ભ્રષ્ટાચારીઓ પર એક્શન થઈ રહ્યાં છે તે દેશની રાજનીતિમાં નવુ પોલરાઈઝેશન પણ શરૂ થઈ ગયું છે. ભ્રષ્ટાચાર અને ભ્રષ્ટાચારીઓને



બચાવવા માટે કેટલાક રાજકીય પક્ષો સામે આવી ગયા છે. સંગઠિત હોવાનો પ્રયાસ કરી રહ્યાં છે. દેશ અને કેરલના લોકોએ તેનાથી સતત સતર્ક રહેવાનું છે.'

નોંધનીય છે કે ૨૦૨૪ લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખી વિપક્ષ એક થવાનો પ્રયાસ કરી રહ્યું છે. કાલે તેલંગણાના મુખ્યમંત્રી કેસીઆરે પટના પહોંચીને નીતિશ કુમાર, તેજસ્વી યાદવ સહિત મહાગઠબંધનના નેતાઓ સાથે મુલાકાત કરી હતી. પરંત નીતિશની પીએમની ઉમેદવારીના સવાલ પર કેસીઆરે પત્રકારોને કહ્યુ કે, સમય આવશે ત્યારે નક્કી કરવામાં આવશે. તો પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ વિપક્ષને એક થવાનું આહ્વાન કરી ચુક્યા છે. શરદ પવાર પણ આ વાત કહી રહ્યાં છે. આ તમામ વિપક્ષી નેતાઓનો ઈરાદો કેન્દ્રમાંથી ભાજપની સરકાર હટાવવાનો છે.

આ પહેલા પીએમ મોદીએ કહ્યું, મારા માટે સૌભાગ્યની વાત છે કે ઓણમના અવસર પર કેરલ આવ્યો છું. તમને બધાને ઓણમની ખુબ-ખુબ શુભેચ્છાઓ. આઝાદીનો અમૃતકાળ, ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પ પર કામ કરવાનો છે અને તેમાં કેરલના પરિશ્રમી લોકોની ખુબ મોટી ભૂમિકા છે.

## ઓગસ્ટમાં ૧૦.૭૩ લાખની ઓનલાઈન લેવડ-દેવડ થઈ

### ભારતમાં ઓનલાઇન પેમેન્ટ સતત વધી રહ્યું છે : ઓનલાઇન પેમેન્ટની વેલ્યૂ-વોલ્યૂમની દ્રષ્ટિએ નવો વિક્રમ

મુંબઈ, તા.૧

ભારતમાં ઓનલાઈન પેમેન્ટ સતત વધી રહ્યુ છે અને ઓગસ્ટમાં ઓનલાઈન પેમેન્ટની વેલ્યૂ અને વોલ્યૂમની દ્રષ્ટિએ નવો વિક્રમ સ્થપાયો છે. યુનિફાઇડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઇ) મારફતે ઑગસ્ટમાં ૬.૫૭ અબજ ટ્રાન્ઝેક્શનમાં રૂ. ૧૦.૭૩ લાખ કરોડની ઓનલાઈન લેવડદેવડ કરવામાં આવી છે.

માસિક તુલનાએ ઓગસ્ટમાં યુપીઆઇ ટ્રાન્ઝેક્શનની રકમ ૦.૯૫ ટકા અને સંખ્યા ૪.૬૨ ટકા વધ્યા છે. તો વાર્ષિક સરખામણીએ યુપીઆઇ ટ્રાન્ઝેક્શનનું વોલ્યુમ ૮૫ ટકા અને વેલ્યૂ ૬૭.૮૫ ટકા વધ્યું છે. નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૬માં યુપીઆઇની શરૂઆત થયા બાદ જુલાઇ મહિનામાં પહેલીવાર યુપીઆઇ ટ્રાન્ઝેક્શનની સંખ્યા ૬ અબજને કુદાવી ગઇ હતી. કેલેન્ડર વર્ષ ૨૦૨૨માં યુપીઆઇ થકી ૪૫ અબજ ટ્રાન્ઝેક્શનમાં રૂ. ૭૭.૯૪ લાખ કરોડની લેવડદેવડ કરવામાં આવી છે. તો ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩ દરમિયાન ઓગસ્ટ સુધીમાં ૩૦ અબજ યુપીઆઇ ટ્રાન્ઝેક્શન થયા છે જેમાં રૂ. ૫૧.૭૪ લાખ કરોડનું ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરાયુ છે. જે સમગ્ર ગત નાણાંકીય વર્ષના કુલ યુપીઆઇ ટ્રાન્ઝેક્શનના લગભગ ૬૫ ટકા છે અને નાણાંકીય વર્ષ ૨૦૨૧ની તુલનાએ લગભગ ૧.૩૫ ગણા વધારે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૨ દરમિયાન ૪૬ અબજ યુપીઆઇ ટ્રાન્ઝેક્શનમાં રૂ. ૮૪.૧૭ લાખ કરોડ અને નાણાંકીય વર્ષ ૨૦૨૧માં ૨૨.૨૮ અબજ ટ્રાન્ઝેક્શનમાં રૂ. ૪૧.૦૩ લાખ કરોડની ઓનલાઈન લેવડદેવડ કરવામાં આવી હતી.